# ધી ગાંધીનગર નાગરિક કો-ઓ.બેંક લિ.

હેડ ઓફિસ-પ્લોટ નં.૩૯૧, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬.

## બેંકના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે સભાસદોએ સ્મૃતિ ભેટ મેળવવા માટેના નિયમો

૧. ભેટ વિતરણના આગળના દિવસે બેંકના ચોપડે નોંધાયેલ સભાસદને જ ભેટ મળવાપાત્ર રહેશે. તે દિવસ સુધી કોઈ સભાસદે શેર કોઈના નામે ટ્રાન્સફર કરેલ હશે તો તેઓને પણ ભેટ મળવા પાત્ર રહેશે.

૨. KYC થયેલ હોય ન હોય તેવા સભાસદોને ભેટ મળવાપાત્ર રહેશે નહિ. પરંતુ KYC કરાવ્યા બાદ ભેટ મળી શકશે. KYC માટે આધાર કાર્ડ, પાન કાર્ડ અને તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લાવવાનો રહેશે.

૩. જે સભાસદ મૃત્યુ પામ્યા હોય તેમના બેંકના ચોપડે નોંધાયેલ વારસદાર યોગ્ય પૂરાવા અને અસલ શેર સર્ટીફિકેટ બેંકમાં રજૂ કરેથી ભેટ મળી શકશે. પરંતુ ભેટ મળેથી બેંકને શેર પરત કરવાનો રહેશે.

૪. બેંકના કાર્યક્ષેત્ર (ગાંધીનગર જિલ્લો તથા અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તાર સિવાયના) બહારના સભાસદોને ભેટ મળવાપાત્ર રહેશે. પરંતું તેઓએ બેંકને શેર પરત કરવાનો રહેશે અથવા બેંકના કાર્યક્ષેત્રમાં રહેતા હોવાના પૂરાવા રજૂ કરવાના રહેશે.

૫. પેઢી સભાસદના કેસમાં જે પેઢી હયાત હોય તથા કાર્યરત હોય તે પેઢીએ કાર્યરત હોવાના યોગ્ય પૂરાવા બેંકમાં રજૂ કરેથી પ્રોપ્રાઈટર અથવા પેઢી લેખિતમાં અધિકૃત કરે તે વ્યક્તિને ભેટ મળી શકશે. પરંતુ જો પેઢી કાર્યરત ન હોય તથા તેની પાસે કાયદેસરના કોઈ પૂરાવા ના હોય તો પેઢીના લેટરપેડ ઉપર અધિકૃત વ્યક્તિના સહી-સિક્કા કરી બેંકમાં રજૂ કરેથી ભેટ મળી શકશે અને શેર બેંકને પરત કરવાનો રહેશે.

૬. ઓવરડ્યુ/NPA/દાવા-બજવણી ખાતેદાર તથા જામીનદાર સભાસદોને ભેટ મળવાપાત્ર રહેશે નહી. પરંતુ માત્ર NPA તથા ઓવરડ્યુ ખાતેદાર-જામીનદાર ખાતુ રેગ્યુલર કરશે તો ભેટ મળવાપાત્ર રહેશે.

૭. ભેટ મેળવવા માટેનું ફોર્મ, ભેટ માટેના વિકલ્પોની વિગતો, ભેટ મેળવવા માટેના નિયમો બેંકની હેડ ઓફિસ સહિત તમામ શાખાઓમાંથી મળી શકશે. ઉપરાંત અમારી બેંકની વેબસાઈટ: www.gncb.co.in ઉપરથી પણ મળી શકશે.

૮. સભાસદે બેંકમાં ભેટ અરજી ફોર્મ, અસલ શેર સર્ટીફીકેટ તથા અસલ આધાર કાર્ડ રજૂ કરવાનું રહેશે તથા ભેટ વિતરણ રજીસ્ટરમાં જરૂરી વિગતો ભરી સહી કરવાની રહેશે. ત્યાર બાદ જ ભેટ મળશે. પરંતું જે સભાસદ બેંકે આવી ભેટ મેળવવા અશક્ત હોય તો તેમના વતી ભેટ મેળવવાની લેખિત સહમતિ તથા અસલ શેર સર્ટીફીકેટ લઈ આવનાર વ્યક્તિને ભેટ મળી શકશે.

૯. જો અસલ શેર સર્ટીફીકેટ શરતચૂકથી ખોવાઈ ગયેલ હોય/નાશ થયેલ હોય તો શેર વિભાગનો સંપર્ક કરી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કઢાવી ભેટ મેળવી શકશે. જે દિવસે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કઢાવેલ હશે તે જ દિવસે ભેટ મળશે નહિ. વિતરણ કાઉન્ટર ઉપરથી જે સમય ફાળવે તે દિવસે/ સમયે ભેટ લેવા આવવાનું રહેશે.

૧૦. જે ભેટ હાજર સ્ટોકમાં હશે તે જ મળવાપાત્ર રહેશે. પરંતુ જો સભાસદની પસંદગીની ભેટ હાજર સ્ટોકમાં નહી હોય તો બેંક જે તારીખ-સમય ફાળવે તે દિવસે તે ભેટ લઈ જવાની રહેશે. સભાસદે ભેટનો વિકલ્પ પસંદ કર્યા બાદ મેળવેલ ભેટ કોઈપણ સંજોગોમાં બદલી આપવામાં આવશે નહિ.

૧૧. ભેટ મેળવવા માટે નીચે મુજબ જે તારીખ-દિવસ ફાળવેલ હશે તે જ સમયગાળા દરમ્યાન ભેટ મળશે. ત્યારબાદ ભેટ મળવાપાત્ર રહેશે નહિ. બેંકીંગ કામકાજના દિવસો દરમ્યાન જ ભેટ મળશે. ભેટ મેળવવા માટેનો સમય સવારે ૧૧.૦૦ થી બપોરે ૪.૦૦ વાગ્યા સુધીનો રહેશે. ભેટ બેંકની હેડ ઓફિસ (પ્લોટ નં. ૩૯૧, સેક્ટર-૧૬, ગાંધીનગર)થી જ આપવામાં આવશે.

| ક્રમ | સભાસદ નંબર | તારીખ |
|---|---|---|
| ૦૧ | ૦૧ થી ૧૬૮૫૦ | તા.૨૩/૧૨/૨૦૨૪ થી તા.૦૬/૦૧/૨૦૨૫ |
| ૦૨ | ૧૬૮૫૧ થી ૩૧૫૫૦ | તા.૦૭/૦૧/૨૦૨૫ થી તા.૨૧/૦૧/૨૦૨૫ |
| ૦૩ | ૩૧૫૫૧ થી ૪૮૫૫૦ | તા.૨૨/૦૧/૨૦૨૫ થી તા.૦૫/૦૨/૨૦૨૫ |
| ૦૪ | ૪૮૫૫૧ થી વધુ તથા ઉપર ક્રમ-૧ થી ૩માં દર્શાવેલ સમયગાળામાં ભેટ મેળવવાની બાકી રહેલ હોય તેવા સભાસદો) | તા.૦૬/૦૨/૨૦૨૫ થી તા.૨૦/૦૨/૨૦૨૫ |

૧૨. વહીવટી સરળતાના ભાગરૂપે બેંક ઉપરોક્ત નિયમોમાં સુધારો-વધારો કરશે અથવા અન્ય કોઈ નિયમો ઉમેરશે તે બેંકના તમામ સભાસદને માન્ય અને બંધનકર્તા રહેશે.